સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

કલ્પના ના પાયા પર 'રામ-મંદિર' ચણાય છે,
ને ચૂંટણી-વચન પ્રવાહમાં પ્રજા તણાય છે.
લણાય છે મતનો પાક ને સૂનાં પડે છે ખેતર -
ભણાય કોર્ટનું બહાનું ને પ્રજાની શ્રદ્ધા હણાય છે.
(હવે શ્રી શ્રી નું નાટક!)

હાઈકુ

નગરી દ્વારે
ઢું ઢું મૈં સાંવરિયાં -
મત મંદિરે...
(સમાજ સાથે લિંક મતબેંક)

છે પડાપડી!
લ્યો ! સવર્ણોની પણ...
પછાત થવા...
(વિકાસ દેશમાં)

ચિંતન

સોપચારઃ કૈતવઃ

ઉપરોક્ત શ્લોક ચાણક્ય સૂત્રમાંથી લેવામાં આવેલ છે.

ધૂર્ત લોકોની કપટ-સેવા કરે છે.

ધૂર્ત વ્યક્તિ પોતાનો સ્વાર્થ સાધવા ગમે તે વ્યક્તિની સેવા કરવા માંડે છે, પણ એ સો સાચી નહિ, પણ કપટે-સેવા હોય છે. મીઠી મીઠઈ વાતો, રમણીય ઉપહારો આદિ સાચી સેવા નથી હોતી. પણ સેવાના 'ઉપચાર' હોય છે. એટલે કે કપટ-સેવા, સ્વાર્થ-સેવા હોય છે.

સ્વાર્થી-દુષ્ટ-લુચ્ચા લોકો લોકસેવા કે સંબંધોમાં સેવા-ચાકરી કરતા હોય એના પાછળ સ્વાર્થનો સડો હોય છે એ મોટું કેન્સર થઈ દેખાય છે. સ્વાર્થી-દુષ્ટ લોકોની સેવાથી ભોળવાઈ ન જવું -સાવધ રહેવું.

સુવિચાર

- 'સંયમ' એટલે શું ? એક યુદ્ધ પોતાની વિરુદ્ધ - **એસ. ભટ્ટાચાર્ય**
- બીજાને વાહ કહેવું હોય તો આપણામાં રહેલી હવા કાઢી નાખવી પડે - **જનકલ્યાણ**
- મનમાં પવિત્રતા અને પાયામાં નીતિ હશે તો જીવનમાં પરિક્ષા આવી શકે પરંતુ પ્રોબ્લેમ તો નહીં જ આવે - **કાજલ ઓઝા**
- યા તો હમેં, મુકમ્મલ ચાલાકિયાં સિખાઈ જાયે, નહીં તો માસુમોં કી અલગ બસ્તિયાં બસાઈ જાયે - **અબ્દુલ પાનવાલા**
- ગુમાવવાના ડરથી કરાતા સમાધાનોમાં આપણે ઘણી વાર હોય એના કરતા પણ વધુ ગુમાવી દઈએ છીએ - **ફાધર વાલેસ**
- પાછી ફરી નથી એ દુઆ ક્યાંક તો હશે, મળતો નથી મને જે ખુદા ક્યાંક તો હશે - **અંકિત ત્રિવેદી**
- આજનું ઔષધ : હળદર સાથે ઘી મેળવી ઉપર નવશેકું દૂધ પીવાથી દમમાં તરત રહાત થાય છે

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

વીર સાવરકર આંદામાન જેલમાંથી છુટ્યા અને મદ્રાસનાં બંદરે તેમને સત્કારવા હજારો માણસો હાજર હતા. કોઈ એમને ચાંદલો કરે, કોઈ ફૂલ આપે. એક નાનો છોકરો ખૂણામાં ફૂલોનો હાર લઈને ચૂપચાપ ઊભો હતો. તે ફુલનો હાર ચડાવવા ઈચ્છતો હતો પણ ચહેરા પરથી ગભરાયેલો દેખાતો હતો. સાવરકરે આ જોઈ લીધું. એમણે એ છોકરાને સામેથી બોલાવ્યો અને કહ્યું, 'આ હાર મારા માટે છે??' છોકરાનો જવાબ 'હું આ હાર આપના ચરણકમળમાં મૂકી શકું ?? કારણ કે હું એક દલિત છું વળી અનાથ છું.' સાવરકરે કહ્યું, 'તું હાર મને ગળામાં પહેરાવી દે, આ જ હાર સૌથી સરસ છે.' સાવરકરે હાર પહેર્યો. એ બાળકને પોતાની સાથે બગીમાં બેસાડ્યો. એને સાથે જ રાખ્યો, એને ભણાવ્યો અને શિક્ષક બનાવ્યો.

આવા માનવતાથી ભરેલો સાવરકરજીને સલામ.

વર્તમાનમાં ચોથી જાગીરની ભૂમિકા

તંત્રીસ્થાનેથી...

પનામા પેપર્સ પછી પેરેડાઈસ પેપર્સનો ખુલાસો આવતાં ભારતના ઘણા માલેતુજારોનાં છૂપાં નાણાંની માહિતી બહાર આવવાની સંભાવના છે. જો કે આવા માલેતુજારોમાં અનેક વિદેશી મહાનુભાવો અને તેમની છદ્મવેશી કંપનીઓનાં નામ સામેલ છે. બ્રિટનનાં મહારાણીથી લઈ બોલીવુડના મહાનાયક અભિતાભ બચ્ચન સુધીના મહાનુભાવો ટેકસ હેવન દેશોમાં એમનાં અઢળક નાણાં છુપાવતા હોવાનું બહાર આવે ત્યારે સામાન્ય માનવીનો આવી સેલિબ્રીટી હસ્તીઓ પ્રત્યેનો અહોભાવ તલિયે ન બેસી જાય તો જ નવાઈ. પૈસાદાર લોકો માટે સરકારની આંખોની બચવા માટેના આવા આડા અવળા વિકલ્પો ખૂબ જ મહત્ત્વના બની રહેતા હોય છે. એકવાર આર્થિક સદ્ધરતા હાંસલ કરી દીધા પછી વધુ ને વધુ સમૃદ્ધિ અને વૈભવ ભોગવવાની તરસ જાગતી હોય છે. માણસ માત્રને યુગોથી વળગેલી આ માયાની બિમારીનો ઈલાજ આજપર્યંત જડ્યો નથી. શાસનકર્તાની નજર સતત આવા કરચોરોનું પગેરું લેતી રહે છે. જાસૂસી એજન્સીઓ આવા લોકોને શોધી જરૂર કાઢે છે પણ તોડ કરીને 'તેરી ભી ચૂપ, મેરી ભી ચૂપ' જેવી સ્થિતિ સરજાતી રહે ચે. ખુદ શાસનમાં બેઠેલા લોકોના જ પગ નીચે રેલો આવતો હોય ત્યાં તેઓ આવાં 'કાળાં નાણાં'ની તપાસ કરે તો પણ એ ખોદ્યો ડુંગર ને કાઢ્યો ઉંદર જેવી જ બની રહે તે સમજી શકાય એમ છે. આ પ્રશ્ન ફક્ત ભારતન માલેતુજારોનો નથી, આખી દુનિયામાં માનવજાતની 'મની પાવર' મનોદશા તો એક સરખી જ હોવાની. પ્રામાણિકતાનું પ્રમાણ વત્તું ઓછું હોઈ શકે છે, પરંતુ વધુ ને વધુ આર્થિક સંપત્તિ ભેગી કરવાની મનોવૃત્તિ તો સર્વસામાન્ય છે. સવિશેષ વિકસતા દેશોમાં આ વૃત્તિ વિશેષ પ્રબળ રહે છે. તેથી ટૅક્સ ચોરીમાં સુધરેલી દુનિયા કરતાં આપણે ઘણા પાછળ રહીએ છીએ. સ્વિસ બેન્કોમાં ભારતીય નાગરિકોનાં નાણાંનો અંબાર ખડકાતો રહે છે. એ નાણાં સલામત રાખવ માટે ઊલટાની તગડી ફી ચૂકવવી પડતી હોય છે. અમેરિકા જેવી મહસત્તાના દબાણ હેઠળ હવે સ્વિટ્ઝર્લેન્ડને પણ આવાં કાળાં નાણાંની માહિતી જાહેર કરવી પડે છે, છતાં રાજકીય વગ ધરાવતા માલેતુજારો અને ખુદ રાજકારણીઓ આવાં નિયંત્રણોને નજર અંદાજ કરીને પોતાના નાણાં છુપાવી શકતા હોય એવી સંભાવના નકારી શકાશે ખરી ? આપણાં શાસ્ત્રોએ પણ 'સોનામાં સો ગુણ -' 'સર્વે ગુણાઃ કાંચનમ્ આશ્રયન્તે' કહી હાથ ધોઈ નાખ્યા છે. પનામા પેપર્સ સત્તા છોડવી પડી છે. પણ ભારતના બધા રાજકારણીઓ અને ઉદ્યોગપતિઓ દૂધે ધોયેલા હોય એમ એ મુદ્દે કશી જ હલચલ થઈ નથી. કાળાં નાણાંનો મસમોટો દલ્લો વિદેશી બેંકોમાંથી કબજે કરી દેશની ગરીબી દૂર કરવાની અને દરેક ખાતેદારના બેન્ક એકાઉન્ટમાં પંદર લાખ જેવી માતબર રકમ જમે મૂકવાની 'જોક' ભારતીય જનતા પાર્ટીના વડાપ્રધાન પદના ઉમેદવારને ફળી હતી. એ 'જોક' સમય જતાં પ્રજા સાથેની છેતરપીંડી સાબિત થઈ હતી પરંતુ વડાપ્રધાનની ખુરશી સલામત છે, પેરેડાઈઝ પેપર્સમાં કોનાં નામ ખૂલ્યાં છે, એની પૂરતી વિગતો મળતી નથી, પણ એટલું સાચું કે જે કોઈ પત્રકારો આવાં સંશોધનો માથે કફન બાંધીને અને હથેળીમાં જાન લઈને કરતા રહે છે, આખરે તો ઈતિહાસમાં અમર થઈ જતા હોય છે. પનામા પેપર્સ પાછળના ભેજાને ગોળીઓ તો વીંધી શકશે, પણ આવી જાનફેસાની કરનારી એ મહિલા પત્રકારને મીડિયા જગત એક રોલ મોડેલ તરીકે વર્ષો સુધી યાદ રાખશે. બોફોર્સ કૌભાંડને હળવાશથી લેવાની ભલામણ ચિઠ્ઠી ભારતના વિદેશમંત્રી માધવસિંહ સોલંકીએ સ્વીડનના વિદેશમંત્રીને હસ્તાંતરિત કરી એ વાત દુનિયાને જણાવનાર તો એક મહિલા પત્રકાર જ હતી. ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમના યુગમાં પત્રકારત્વ કેટલો મહત્ત્વનો પાઠ ભજવી શકે છે તે પનામા પેપર્સથી લઈ પેરેડાઈઝ પેપર્સ સુધીની વિસ્ફોટક માહિતીથી સાબિત થઈ ચૂક્યું છે. દક્ષિણ ભારતમાં 'તંતી' અખબારના મહોત્સવમાં હાજરી આપવા ગયેલા વડાપ્રધાને મહાત્મા ગાંધીને યાદ કરી આ 'ચોથી જાગીર' ગણાતા પત્રકાર જગતની ગંભીર જવાબદારીઓ વિશે મીઠી મધ વાતો તો કરી, પણ એ જ મીડિયાને હસ્તગત કરવાના પ્રયાસોમાં કે એનો પોતાના લાભમાં દુરુપયોગ કરવા બાબતે છેલ્લાં કેટલાંક વર્ષોથી શાસક પક્ષ સહિત કોઈ માઈનો લાલ બાકાત રહ્યો છે ખરો ? મીડીયાએ એના પર લાગી રહેલા આ કલંકને ભૂંસવા પણ જાગ્રત રહેવાની જરૂર છે.

શાતા આપતું પેઢીઓનું મધુર મિલન

નવાં કલેવર
નટવર હેડાઉ

ઘણા દિવસોથી જવા માટે આગ્રહ કર્યા બાદ છેવટે એક દિવસ રાકેશે કહ્યું, 'ચાલો બા, આજે ધોળેશ્વર મહાદેવના મંદિરે જઈ જ આવીએ.' મંદિર શહેરથી દૂર હતું. આખે રસ્તે રાકેશ ફોન પર ચોંટી રહ્યો. પાછા ફરતાં ઘેર પહોંચતાં જ લ્યો, ત્યારે આજ મંદિરનું કામ પૂરું થયું.' એમ કહી તેણે ઊંડો શ્વાસ લીધો.

આ સાંભળી આશ્ચર્યચકિત થઈ તે તેનું મોઢું જોવા લાગી. તેના પર માત્ર કર્તવ્ય પાલનનો ભાવ હતો. ખુશીનું કોઈ ચિહ્ન નહોતું. મન દૂર અતિતમાં ભટકવા લાગ્યું. 'પપ્પા આજે આપણે ફનસીટી જઈશું ને ?' જાણે દૂરથી ઉત્સાહિત રાકેશનો અવાજ સંભળાતો હતો.

'ના, બેટા, આજે મારે ઑફિસમાં ઘણું કામ છે. ઘણી ફાઈલોનો નિકાલ કરવાનો છે. આવતા વીકમાં જઈશું.' રાકેશના પપ્પા તેને પ્રેમથી સમજાવી રહ્યા હતા.

'ના, પપ્પા મારે તો આજે જ જવું છે.' રાકેશે જીદ્દ પકડી હતી. છેવટે બાળહઠની જીત થઈ અને તેમણે ફનસીટી જવું પડેલું.

'બહુ સરસ ટ્રીપ રહી, અમે બધા એ ખુબ મજા-મસ્તી કરી.' પાછા ફરતાં રાકેશના પપ્પાએ કહ્યું ફાઈલોનો નિકાલ નહીં થઈ શકવાનો જરાય રંજ તેમના ચહેરા પર ક્યાંક દેખાતો ન હતો.

રાકેશના પપ્પા અને જનરેશન ગેપ કહે છે. પણ શું ખરેખર આ બે જનરેશન વચ્ચેની ગેપ છે. કદાચ ના, આજની પેઢીને પોતાના બાળકો માટે પણ સમય ક્યાં છે?

સંબંધો પર કેરિયર હાવી થઈ રહ્યું છે. તેથી તો મોટેભાગે કુટુંબ વધારવા બાળકોની જવાબદારી લેવામાં આ લોકો દૂર ભાગી રહ્યા છે.

તે પોતાના વિચારોમાં ખોવાયેલી હતી ત્યાં અંકુ એ 'ચાલો, બા જમવા' કહી તેને ઝરઝોકી દીધી.

તું તારાં મમ્મી-પપ્પા સાથે જમવા ન બેઠી?'

'ના, હું તો તમારી સાથે જ જમીશ. તેમની સાથે જમવાનું મને નથી ગમતું.' અંકુ એ છંછેડાઈને કહ્યું.

'કેમ ?'

'જમતી વખતે પણ એ લોકો ઓફિસની વાતો જ કર્યા કરે છે.' અંકુ એ ફરિયાદના સ્વરે કહ્યું અને દાદીમાંને ડાયનીંગ ટેબલ તરફ ખેંચીને લઈ જવા લાગ્યો. દૂર ઊભેલાં દીકરો-વહુ તેમને જોઈ હસતાં હતા. તેમને એમ લાગતું હતું કે ભવિષ્યને અતિતના હાથમાં સોંપીને વર્તમાન નિશ્ચિત થઈ ઝડપથી આગળ વધી રહ્યો છે. અને તે નાનકડી આવતી કાલનો હાથ પકડી પોતાની મંદગતિએ તેનું અનુસરણ કરી રહી છે.

હવે તેના મનનો બધો ઊભરો બેસી ગયો હતો. પેઢીઓ વચ્ચેનું આ મધુર-મિલન તેને શાતી દઈ રહ્યું હતું.

'બા, રોટલી ખવડાવોને ?' નાનકડા અંકુએ ફરી એક વાર તેને ઢંઢોળ્યા.

સંગ તેવો રંગ : સત-સંગ, સંતનો સંગ ઊર્ધ્વગામી બનાવે

ગુલમહોર
દિનેશ દેસાઈ

બ્રહ્મસ્વરુપ યોગીજી મહારાજ એક દૃષ્ટાન્ત આપતાઃ એક વેપારી પરિવારના મોભી ગુજરી ગયા. વિધવાને માથે ઘર અને દીકરાની જવાબદારી આવી પડી. ઘરમાં કમાનાર કોઈ ન રહ્યું. માએ ઘરમાં સાચવી રાખેલ એક હીરો આપીને કહ્યું કે મામા હીરાના વેપારી છે, તેમને આ હીરો આપીને થોડાક નાણાં લઈ આવ, તો ઘરનો ખર્ચ કાઢી શકીએ. મામાએ પારેખદૃષ્ટિએ જોયું કે આ તો કાચનો ટુકડો છે. છતા તેમણે ભાણાને નિરાશ ન કર્યો અને સાચી વાત પણ મનમાં જ રાખી. તેમણે થોડા પૈસા પણ આપ્યા અને હીરા તરીકે લાવવામાં આવેલો કાચનો ટુકડો પણ ભાણાને પરત આપીને ઘરે પાછો મોકલ્યો.

મામાએ ભાણાને કહ્યું કે તું ઘરે જઈને માને મળીને પાછો આવી જજે, તને હીરાનું કામ શીખવાડું તો તું પણ પગભર બની શકે અને વેપાર-ધંધો કરી શકે. ભાણાની ધગશ અને મહેનતના પ્રતાપે તે તો મામા પાસે ફક્ત પંદરેક દિવસમાં જ હીરા પારખતા અને તોલ-માપ તથા ખરીદ-વેચાણ વગેરે શીખી ગયો. હવે તેને સાચા-ખોટાની પરખ આવડી ગઈ હતી. તેણે ઘરે જઈને પહેલું કામ એ કર્યું કે પોતાના ઘરે સાચવી રાખેલો હીરો તપાસ્યો. તેણે હાથમાં લેતા જ ખબર પડી ગઈ કે આ તો કાચનો ટુકડો માત્ર છે. આમ છતા મામાએ કશું કહ્યા વિના પોતાને અને માતાને મદદ કરવા માટે પૈસા આપ્યા હતા.

દીકરાએ માને પણ વાત કરી કે આપણે બેઉ જેને મૂલ્યવાન હીરો સમજતા હતા તે તો કાચનો ટુકડો જ છે. દુનિયાના સુખ આભાસી સુખ છે, એ વાત આપણને જલદી સમજાતી નથી. આપણે આભાસી સુખને ખરું સુખ માની લઈએ છીએ. યોગીજી મહારાજ કહેતા કે જગતના વ્યવહારકાર્ય કરવા, પણ એમાં ડૂબી જવું નહીં. ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા મધ્યના ૨ પમાં કહે છે કે "ભગવાન અતિ પ્રસન્ન કેમ થાય? જ્યારે શેર અન્ન મળતું હોય ને ગરીબ હોય ને ભગવાનની સેવાચાકરી કરતો હોય, તેને ઈન્દ્રનું રાજ-સુખ મળે તો પણ પહેલાના જેવો ભાવ રહે ત્યારે ભગવાન પ્રસન્ન થાય."

> **જીવનમાં નિરંતર પાછું વાળીને જોવાથી અહમ્ દૂર થાય અને નમ્રતા આવે છે. વૃક્ષ-વેલી-છોડને પણ ફળ-ફૂલ આવે ત્યારે એ લચી પડે, નમી પડે છે, સારી વ્યક્તિનો સંગ, સંપર્ક આપણને ઊર્ધ્વગામી બનાવે છે કોના સંપર્ક કે સંસર્ગમાં તમારો સમય પસાર થાય છે એના ઉપર તમારી જિંદગીનો વળાંક નક્કી થાય છે**

શ્રીજી મહારાજે વચનામૃત વડતાલના ૧૬માં કહ્યું છે કે "મોટા માણસ સાથે અમને બનતું નથી. કારણ કે મોટા માણસને રાજ્ય, સત્તા, ધનનો મદ - અભિમાન હોય. જ્યારે અમને ત્યાગ, વૈરાગ્ય, ભક્તિનો મદ હોય છે." ભગવાન શ્રીકૃષ્ણએ પણ શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું છે એમ ગમે તેટલા મોટા માણસથી ભગવાન રાજી થતા નથી. જીવનમાં નિરંતર પાછું વાળીને જોવાથી અહમ્ દૂર થાય અને નમ્રતા આવે છે. વૃક્ષ-વેલી-છોડને પણ ફળ-ફૂલ આવે ત્યારે એ લચી પડે, નમી પડે છે. એક ગુજરાતી કહેવત છે કે "સંગ તેવો રંગ" સત-સંગ એટલે સંત કે સંત જેવી સારી વ્યક્તિનો સંગ, સંપર્ક આપણને ઊર્ધ્વગામી બનાવે છે. કોના સંપર્ક કે સંસર્ગમાં તમારો સમય પસાર થાય છે એના પર જિંદગીનો વળાંક નક્કી થાય છે.

સુખ-દુઃખ વિશે ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા મધ્યના ૨૧માં કહ્યું છે કે "મનન દ્વારા ભગવાનનો અને ભગવાનના સંતનો સંગ કરવો. લીલા-ચરિત્રો સંભારી રાખવા. મનની વૃત્તિ ભગવાનમાં પરોવી રાખવી. માંકડા જેવું મન નવરું ન રાખવું. મનના દુઃખે દુઃખી અને મનના સુખે સુખી. મનનું રાજ ચાલતું હોય ત્યાં સુધી ભગવાનનું સુખ નહીં આવે."

ભક્ત કવિ મુક્તાનંદ સ્વામીએ એક પદમાં લખ્યું છે કે "મન જીતે સો મરદ હૈ, વરના સો હૈ હજુર." શ્રીજી મહારાજે વચનામૃત વડતાલ ૧માં છેલ્લે કહ્યું છે કે "જેણે પોતાનું કલ્યાણ (મોક્ષપ્રાપ્તિ) ઈચ્છ્યું તેણે મન સાથે વેર બાંધવું." વળી વચનામૃત ગઢડા પ્રથમના ૩માં શ્રીજી મહારાજે કહ્યું છે કે "જેને ભગવાનની મૂર્તિ અખંડ દેખાતી હોય તેણે પણ ભગવાનના લીલાચરિત્રો સાંભળવા." યોગીજી મહારાજ કહેતા કે ભગવાન અને સંતનું અખંડ સ્મરણ આપણને ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્યનું બળ પુરું પાડે છે.

ભાગવત કથામાં જનક રાજાની કથા આવે છે. જનક રાજાએ સન્યાસ ધર્મ ધારણ કર્યો ત્યારે તેમને સન્યાસ માર્ગેથી સંસાર માર્ગે પાછા વાળવા માટે તેમનાં રાણી સુલભાએ સંન્યાસિની વેશ ધારણ કરીને જનક રાજાને મોહ પમાડવા પ્રયાસ કર્યો હતો ત્યારે જનક રાજાએ સહેજ પણ વિચલિત થયા વિના કહેલું કે "હવે તને જોવાથી મને કોઈ મોહ થવાનો નથી. મારું અડધું શરીર ચંદનલેપથી ચર્ચો કે અડધું શરીર તલવારથી કાપી નાખો, મારા માટે બેઉમાં સમભાવ છે." સત્સંગ, ભજન જિંદગી જીવવાની જડીબૂટ્ટી છે. સારી કે ખરાબ સંગત, સોબતની અસર પડ્યા વિના રહે નથી. તુલસીદાસ ચંદન ઘસે, તિલક કરે રઘુવીર. આ છે સત્સંગ.

જસ્ટ ટ્વીટ :

"વજન કરે તે હારે રે મનવા,
ભજન કરે તે જીતે રે."

- મકરંદ દવે

ચાલ, આવું છું મળવા...!! અડધી, ચા, આખી વાતો, શમી સાંજ, થમેલી યાદો...!!

હૈયે હઠ લીધી છે હમણાં, ચાંદ અપાવો,
નહીં ચાલે તસવીર તમારી, રૂબરૂ આવો !
- કિશોર જીકાદરા

Hello ફ્રેન્ડસ!
સંજય થોરાત'સ્વજન'
mail@sanjaythorat.com

સાંજે સ્કૂલ છુટ્યા બાદ ચાલતાં બસસ્ટેન્ડ જવાનો ડોલીનો મનગમતો વિષય હતો. ચાલતાં - ચાલતાં રસ્તા પરની ભીડના ચહેરા, વિવિધ વાહનો, બાળકોને લઈને દોડતી મમ્મીઓ, રસ્તાની ફુટપાથની બાજુમાં શિસ્તબદ્ધ બાળકો જેવાં હરોળમાં ગોઠવાયેલાં વૃક્ષો, સચિવાલયના સરકારી બાબુઓની સેવામાં એક જ દિશામાં દોડતી લાલ બસો... આ બધી મજા ડોલી લેતી હતી. પણ આજે હજુ તો દિવાળી વેકેશન બાદ સ્કૂલ ખૂલી હતી. આજે ચાલવામાં આનંદની જગ્યાએ ચિંતાએ રસ્તો રોક્યો હતો. મનમાં શંકા હતી, શું કરવું ? શું ન કરવાના વિચાર સાથે રસ્તો કપાતો હતો...

ડોલીનું મન સાવ જ ઉદાસ હતું એવું ન હતું. એક તરફ એનું મન એકદમ ખુશખુશાલ તો બીજી તરફ એટલું જ દુઃખી હતું. મનમાં ઉઠેલા એ વંટોળને કેવી રીતે બેલેન્સ કરવું એ સમજી શકતી નહોતી. કારણ પરિસ્થિતિ જ કંઈક એવી હતી. આ બે દિવસમાં બે મહત્ત્વના પ્રસંગોમાં હાજરી આપવાની હતી. ડોલી એવી બે વ્યક્તિઓને મળવાની હતી જેનું એના જીવનમાં ખુબ જ મહત્ત્વ હતું. આ બંને મિત્રોએ ડોલીને કૉલેજમાં મિત્ર, ભાઈ, ગાઈડ, સખી એવી અનેક ભૂમિકા ખૂબ જ પ્રેમથી પાર પાડેલી હતી.

એક તો ડોલીની બહેનપણી માનસી. એકદમ રૂપાળી, હસમુખી, સૌમાં હળીભળી જાય એવી. કોઈને પણ પોતાની વાતથી વાતમાં વાળી જિંદગીને એકદમ સદ્ભાવથી જીવનારી, પોતાના પરિવારના સભ્યો, ફ્રેન્ડ્સને ખૂબ સાચવી લેનારી, મદદરુપ થનારી... બીજો એટલે ડોલીનો મિત્ર રોહિત. એ આખી કૉલેજમાં બધાને મદદરુપ થનારો. કોઈ પણ પ્રોજેક્ટ - સ્પોર્ટસ હોય એ આગેવાની લેતો, મસ્તીખોર પણ એટલો પણ મિત્રો માટે ગમે તે કરી છુટે, એ ડોલીનો ખાસ ફ્રેન્ડ...

બુધવારે રોહિતના મેરેજ હતા અને અફ કોર્સ ડોલીને ખાસ આમંત્રણ હતું. ડોલી પણ ખુશ હતી, એનો ખાસ ફ્રેન્ડ એક નવી દુનિયામાં પ્રવેશી રહ્યો હતો. એ તો ડોલીના લગ્નમાં માત્ર હાજર જ નહોતો રહ્યો પણ રસોડાની સંપૂર્ણ જવાબદારી ઉપાડી હતી. ડોલીને બીજી ખુશી એ પણ હતી કે એની ખાસ બહેનપણી માનસી પણ ત્યાં આવવાની હતી. રોહિતના લગ્નના નિમિત્તે બંને બહેનપણીઓ મળીને જિંદગીની ખૂબ વાતો કરવાની હતી. પતિ-બાળકો-સંસાર-નોકરી-મોજ-શોખ, બધું બહુ ભેગું થયું હતું. રૂબરૂ મળીને અડધી ચા સાથે આખી વાતો કરવાની હતી...

માનસીની ફેમિલીમાં કંઈક પ્રોબ્લેમ હતો એવું એણે પહેલાં જ ફોન પર કહ્યું હતું. એ જયારે ફોન પર બોલતી ત્યારે દબાતાં અવાજે અને કંઈક ગડમથલમાં હોય એમ તો લાગેલું. ડોલીને થોડી ઘણી પામેસ્ટ્રી આવડતી, એણે એકવાર કહ્યું પણ હતું કે તારાં જીવનમાં કંઈક ઉથલપાથલ થશે. ત્યારે એણે રમતિયાળ સ્વરે કહેલું, 'પરિસ્થિતિને મારાં વશમાં કરવાનું વરદાન છે, ડોન્ટ વરી ડોલી...'

અને ડોલીએ ગઈકાલે માનસીને ફોન કરેલો, 'માનસી તું રોહિતના મેરેજમાં ક્યારે આવવાની છે?' આપણે સાથે જ જઈએ તો ?' ડોલી બોલતી જ હતી પણ માનસી કોઈ પ્રત્યુત્તર નથી આપતી એવું ડોલીને થોડીવાર બાદ ધ્યાને આવ્યું. ડોલીએ સિરીયસ થઈને પૂછ્યું, 'માનસી શું થયું છે ?' તું આટલી શાંત કેમ છે? કંઈક તો બોલ ?

અને એટલામાં માનસી બોલી, 'મેં ઉંઘની ગોળીઓ ખાઈને આત્મહત્યાનો પ્રયત્ન કર્યો હતો, એટલે અત્યારે હોસ્પિટલમાં એડમિટ છું. હું રોહિતના લગ્નમાં નહીં આવી શકું.' એ એક જ શ્વાસે આટલું બધું બોલી ગઈ અને એ સાંભળી ડોલી તો સુન્ન મારી ગઈ. શું વાત કરવી ? કશું જ સુજતું નહોતું. એક સાથે અનેક દૃશ્યો નજર સામેથી ફરતા હતા. પોતાની જાતને સંભાળતા ડોલીએ પૂછ્યું, 'ડિસ્ચાર્જ ક્યારે મળશે ?' ટૂંકા અને જેમતેમ જવાબ આપી માનસીએ ફોન મુકી દીધો. ડોલીનું મન હજુ પણ માનવા તૈયાર નહોતું કે આ સાચી વાત હતી કે કોઈ આભાસ ?

આટલી આનંદી, ખુશમિજાજ છોકરી છેક આત્મહત્યા સુધી ? ડોલી સંપૂર્ણપણે ડિસ્ટર્બ હતી. એના મનમાં વિચારોનું વાવાઝોડું ફૂંકાયું. હવે કોના ત્યાં જવું? કોને અત્યારે મારી વધુ જરૂર છે? એક મન કહેતું હતું કે માનસીને ત્યાં જવું, પણ એને આ અવસ્થામાં જોવાની હિંમત નહોતી, એને શું આશ્વાસન આપવું ? પણ ડોલીને માનસીને મળવું જ હતું. તો પછી રોહિતનું શું ? એના લગ્નમાં પણ જવું એટલે જ મહત્વનું હતું. ડોલી જો રોહિતના લગ્નમાં ન જાય તો એને સો ટકા ખોટું લાગશે એની ખાત્રી હતી... આવાં વિચાર કરતી ડોલી બસ સ્ટેન્ડ પહોંચી ગઈ, એટલામાં બસ આવી, વિન્ડો સીટ પકડીને બેસી ગઈ...

એ બેસી ગઈ પર વિચારો તો અટકવાનું નામ નહોતાં લેતાં. એટલામાં પાછળની સીટ પર થતી વાતોથી એની વિચારધારા તૂટી ગઈ. એની પાછળની સીટ પર બે ઉંમરલાયક બહેનો બેઠી હતી. એમનાં બોલવા પરથી જ લાગતું હતું કે તેઓ ઘણાં વર્ષો બાદ મળ્યા હશે. બંને બહેનેપણીઓ હશે એવું સ્પષ્ટ લાગતું હતું. એક બીજા સાથે એકદમ તૂ-તારીથી વાતો કરતી હતી...

એટલે એકદમ બધું જ એકબીજા સાથે શેર કરતા હતા. બાળકો-પૌત્રો, ઘર, પતિ ગુજરી ગયાની વાત, એ પછીની માનસિક અવસ્થા, વડિલોપાર્જિત જૂનું ઘર વેચ્યાની વેદના... અને એમની વાતમાં ડોલી પણ અનાયાસે ઓતપ્રોત થઈ હતી. 'સુખ હોય કે દુઃખ' આપણાં માણસો આપણી સાથે હોવા જોઈએ, સુખમાં ખુશીઓ માણવાં અને દુઃખમાં સાંત્વના આપવા સાચાં મિત્રો જરૂરી છે. 'આ સમય પણ ચાલ્યો જશે.' એવું કહીને આપણી હિંમત વધારવા, આશ્વાસન આપવા આપણી નજીકની વ્યક્તિ જોઈએ.' આ વાત સાંભળીને ડોલીના મનમાં ઝબકારો થયો...

અરે, આપણે તો વાત વાતમાં મારો પ્રશ્ન હલ કરી નાંખ્યો. મારે તો બંને પાસે જવું જ છે. એકને સાંત્વના આપવા અને બીજાના સુખના પ્રસંગે ભાગીદાર થવાં. ડોલીએ મનોમન એ બંને વયસ્ક બહેનોનો આભાર માન્યો, હવે એણે મનસુબો કર્યો હતો કે બંનેના પ્રસંગ સાચવશે, એકની જિંદગીની યાદગાર ક્ષણ જતી રહેશે, તારે જીવવાનું છે, મારી સાથે સાંજે ચા-નાસ્તા સાથે દુઃખને દેશવટો આપવાનું પ્લાનિંગ કરી સ્માઈલી પોઝ આપવાનો છે... ડોલીના ઈરાદાને બસની ઘંટડીએ સાથે પુરાવ્યો અને ડોલી ખુશ થતી ઝડપી પગલાં ભરતી ઘરે પહોંચી ગઈ.

ચૂંટલો :

જિંદગીમાં ક્યારેક નજીકના મિત્રોના ત્યાં એક જ દિવસે સુખ અને દુઃખના પ્રસંગ આવતાં હોય છે. સુખની ક્ષણોમાં ભાગીદાર થવું જરૂરી છે ત્યાં જ દુઃખી મિત્રને ત્યાં પહોંચવું આવશ્યક છે. બંનેને એકસાથે સાચવી જ શકાય, થોડુંક દિલથી, મનથી મેનેજ કરી લઈને.